# 2008000104050071/2308000104051015/2008000104060007
# EXAMINATION NOVEMBER 2024 (ATKT EXAM)
# BACHELOR OF COMMERCE (FOURTH SEMESTER)
# TAX PROCEDURE AND PRACTICE PAPER - III

[**Time: As Per Schedule]** **[Max. Marks: 50]**

| | |
|---|---|
| **Instructions:**<br>**1. Fill up strictly the following details on your answer book**<br>a. Name of the Examination : **BACHELOR OF COMMERCE (FOURTH SEMESTER)**<br>b. Name of the Subject : **TAX PROCEDURE AND PRACTICE PAPER - III**<br>c. Subject Code No : **2008000104050071 / 2308000104051015 / 2008000104060007**<br>2. Sketch neat and labelled diagram wherever necessary.<br>3. Figures to the right indicate full marks of the question.<br>4. All questions are compulsory. | Seat No:<br><br>Student's Signature |

**English Version** **[Max. Marks:50]**

**Q.1 (A) MCQs:** **8**

1. Income Tax and Income Tax Reserve recorded in P&L A/c are ₹ 12,000 and ₹ 15,000 respectively. Allowable expense is –
   (A) ₹ 12,000 (B) ₹ 15,000
   (C) ₹ 27,000 (D) Zero

2. Profit of P&L Account is ₹ 5, 50,000 after considering the expenses (Bad Debt ₹ 20,000; Bad Debt Reserve ₹40,000 and drawings ₹ 85,000). What is taxable business income?
   (A) ₹ 5,50,000 (B) ₹ 6,75,000
   (C) ₹ 7,15,000 (D) None of the above

3. As per Section 44ADA, if a professional whose total gross receipts are less than TM ₹ 50 Lakhs in a financial year, his income would be assumed to be _____of total gross receipts.
   (A) 6% (B) 8%
   (C) 12% (D) 50%

4. If an individual has 10% tax-free debentures of PKT Ltd worth ₹ 1, 00,000 (TDS applicable is 20%) for the whole year. Taxable amount will be______.

    (A) ₹ 10,000 (B) ₹ 8,000
    (C) ₹ 12,500 (D) ₹ 80,000

5. A gift of gold chain worth ₹ 1, 20,000 is received from Father in law. Taxable amount of gift is__________.

    (A) ₹ 1,20,000 (B) ₹ 70,000
    (C) ₹ 50,000 (D) Zero

6. Speculative Business loss can be carried forward upto

    (A) 4 years (B) 8 years
    (C) Indefinitely (D) None of the above

7. Loss from House property can be set off against

    (A) Only Long Term Capital Gain
    (B) Only House property income
    (C) Only Business income
    (D) Any head of income

8. Where both the husband and wife have a substantial interest in a company and both are in receipt of the remuneration from such company, both the remunerations will be taxable in the hands of

    (A) Husband or wife whose total income, excluding such remuneration, is greater
    (B) Husband or wife whose total income, including such remuneration, is greater
    (C) Husband or wife whose remuneration, is greater
    (D) Husband always.

**(B) Fill in the Blanks:** **7**

9. If an individual carrying on a profession earns gross receipts in excess of _____, then he will be required to have an income tax audit.

10. Mr. Ramnik purchased a furniture of ₹ 25,000 on 1st October 2022. Applicable rate of depreciation is 10%. Admissible depreciation for previous year 2022-23 will be____ for income tax purpose.

11. If a cash gift worth ₹ 60,000 is received from two friends (₹ 30,000 each) in a previous year, taxable amount of gift is______.

12. Winning from race horses is taxable at the rate of______.

13. If salary income, House property Loss and Business Loss are ₹ 6, 00,000; - ₹ 1, 00,000 and - ₹ 2, 00,000 respectively, then total taxable income is_____.

14. Short Term Capital loss be carried forward upto____ years.

15. Mr. Gautam transfers debentures without consideration to Miss Gungun before marrying her. After marrying her debenture interest will be taxable in the hands of_____.

**Q.2 Answer in Short: (Any Four)** **8**

1. Building Rent ₹ 40,000 is paid by Mr. Jayesh out of which 30% is for residential house, 20% is for let out house and remaining is on for factory building. What is deductible expense from business incomes?

2. Opening balance of machinery is ₹ 1, 50,000 on 1.4.2022. During the year a machine costing ₹ 30,000 is purchased on 1.2.2023 and sold one old machine for ₹ 50,000 on 2.2.2023. Approved rate of depreciation is 20%. Final out deductible depreciation for Assessment Year 2023-24.

3. On 1.5.2022, Krishna has purchased 12% tax free Debentures of Mathura Ltd. worth face value of ₹ 80,000 and he sells 50% of such debentures at a profit of 20% on 30.11.2022. If company pays interest half yearly on 30 June and 31 December, calculate taxable Interest during Previous year 2022-23. (Applicable rate of TDS is 20%)

4. Chitrang received ₹ 9,000 as rent per month from subtenant. He paid ₹ 48,000 yearly as house rent to the owner of the house. Calculate taxable rent income.

5. Explain in brief how to set off loss from owning and maintaining race horses.

6. What is carry forward of loss? For how much period can a person carry forward a loss from house property?

7. Explain: Clubbing of income of wife

8. Explain: Provision for exemption to parent in case of clubbing of minor child's income

**Q.3** Arun's profit and loss account for the year ended on 31-3-23: **13**

| Particulars | Amount | Particulars | Amount |
|---|---|---|---|
| To Insurance | 10,000 | By Gross Profit | 1,75,000 |
| To Interest on loan | 15,000 | By Miscellaneous income | 8,000 |
| To Interest on capital | 12,000 | By Interest on government securities | 5,000 |
| To Salary | 30,000 | | |
| To Rent-taxes | 10,000 | | |
| To Motor maintenance expense | 9,000 | | |
| To Legal expenses | 2,000 | | |
| To Travelling expenses | 50,000 | | |
| To Net profit | 50,000 | | |
| | 1,88,000 | | 1,88,000 |

Additional Information:

1. ₹ 2,000 as life insurance included in the above amount of insurance.

2. Book value of motor on 1-4-22 was ₹ 75,000. The prescribed rate of depreciation is 20%. Consider 1/3 use of motor is for personal purpose.

3. Advertisement expense of ₹ 7,000 is by mistake left to be recorded.

4. On 1-1-23 a machinery of ₹ 3, 44,000 was purchased, for which ₹ 6,000 was paid as transportation expenses (included in the travelling expense of ₹ 50,000). Admissible rate of Depreciation is on the machinery is 20%.

5. ₹ 4,889 as bad debts is allowed by the assessment officer for the previous year 2022- 23, which is not recorded in the above P&L A/c.

   Find out the taxable income from the business for the Assessment Year 2023-24.

**OR**

(A) From the given below, receipt and payment account for the year ended on 31-3-2023 of Dr. Ashish, compute the taxable income of his professions. **8**

**Receipt and Payment Account**

| Receipt | Rs. | Payment | Rs. |
|---|---|---|---|
| Opening Balance | 70,000 | Hospital Rent | 3,60,000 |
| Visit Fees | 2,00,000 | Staff Salary | 2,20,000 |
| Consultation Fee | 5,20,000 | Municipal Tax | 20,000 |
| Sale of Medicine | 1,90,000 | Travelling Expense | 10,000 |
| Operation theater rent | 1,50,000 | Purchase of Medicine | 3,20,000 |
| Salary from Medical College | 50,000 | Closing Balance | 2,28,000 |
| Gift received from patients | 30,000 | | |
| | 12,10,000 | | 12,10,000 |

Additional Information: Opening stock and closing stock of medicine was ₹ 40,000 and ₹ 2, 40,000 respectively.

(B) Find out the taxable "Income from other sources" for the Assessment Year 2023-24 from 5 the details are given below of Miss Mitali. **5**

1. Interest of ₹45,000 on 7% capital investment bond.
2. ₹ 27,000 interest on 7.5% debentures of Dipika ltd. (TDS: 10%)
3. Winning from Lottery (net) ₹ 7, 00,000 (TDS: 30%)
4. 8% Radhika Ltd.'s tax-free debentures of ₹ 7, 00,000 (TDS: 20%)

**Q.4** (**A) From the following details of Mr. Pandya; find out taxable income from other sources for the Assessment Year 2023-24** **8**

1. From 1st July 2023; he received ₹ 3,535 per month as family pension.
2. He received ₹ 2, 60,000 as total amount including interest from un-recognized provident fund; in which the share between owner and employee was as 4:1. The owner's contribution was ₹ 1, 72,000.
3. He received work of Art as gift of ₹ 97,171 from younger brother of father of his mother.
4. Winning from lottery net ₹ 67,200.
5. Winning from motor-race ₹ 1,09,952

**OR**

**A) From the following details of Miss Riya, find out total taxable income for the Assessment Year 2023-24.** **8**

1. Taxable Salary ₹ 5,00,000
2. Profit from Non speculative Business ₹ 6,00,000
3. Loss from speculative Business ₹ 3,00,000
4. Gain from another speculative Business ₹ 2,00,000
5. House Property Loss ₹ 1,8,0000.
6. Carried forward loss from non-speculative business ₹ 80,000 (Previous Year 2020-21)

**(B) Short notes: (Any Two)** **6**

1. Taxability of gifts
2. Set off and carry forward of speculative and non speculative business losses
3. Clubbing of income of minor
4. Maintenance of Books of Accounts Under Section 44AA

*****

**Gujarati Version** **[Max. Marks 50]**

**Q.1 (A) બહુ વિકલ્પીય પ્રશ્નો.** **8**

1. નફા નુકશાન ખાતામાં નોંધાયેલ આવક વેરો અને આવક વેરા જોગવાઇ અનુક્રમે ₹ 12,000 અને ₹ 15,000 છે. મજરે મળવાપાત્ર ખર્ચ __________ છે.
   (A) ₹ 12,000 (B) ₹ 15,000
   (C) ₹ 27,000 (D) શૂન્ય

2. ખર્ચાઓ (ઘાલખાધ ₹ 20,000; ઘાલખાધ અનામત ₹ 40,000 અને ઉપાડ ₹ 85,000) ને ધ્યાનમાં લીધા પછી નફા નુકશાન ખાતાનો નફો ₹ 5, 50,000 છે. કરપાત્ર ધંધાકીય આવક શું છે?
   (A) ₹ 5,50,000 (B) ₹ 6,75,000
   (C) ₹ 7,15,000 (D) ઉપરના પૈકી એકેય નહી

3. કલમ 44ADA મુજબ, જો કોઈ વ્યાવસાયિક જેની કુલ એકંદર રસીદો નાણાકીય વર્ષમાં ₹ 50 લાખ કરતા ઓછી હોય, તો તેની આવક કુલ એકંદર રસીદો ના ______ લેખે માનવામાં આવશે.

(A) 6% (B) 8%
(C) 12% (D) 50%

4. જો કોઈ વ્યક્તિ પાસે આખા વર્ષ માટે ₹ 1,00,000ના મૂલ્યના PKT લિમિટેડના 10% કરમુક્ત ડિબેન્ચર્સ હોય (TDS 20% લાગુ પડે છે). તો કરપાત્ર રકમ_____ થાય.

(A) ₹ 10,000 (B) ₹ 8,000
(C) ₹ 12,500 (D) ₹ 80,000

5. સસરા તરફથી ₹ 1,20,000 ની કિંમતની સોનાની ચેનની ભેટ મળી છે. ભેટની કરપાત્ર રકમ ______ છે.

(A) ₹ 1,20,000 (B) ₹ 70,000
(C) ₹ 50,000 (D) શૂન્ય

6. સટ્ટાકીય ધંધાનું નુકશાન_____ વર્ષ સુધી આગળ ખેંચી શકાય છે.

(A) 4 વર્ષ (B) 8 વર્ષ
(C) અનિશ્ચિત સમય માટે (D) ઉપરોક્તમાંથી કોઇ નહીં.

7. મકાન મિલકત નું નુકશાન ______ સામે માંડી વાળી શકાય છે.

(A) માત્ર લાંબા ગાળાના મૂડી લાભ
(B) માત્ર મકાન મિલકતની આવક
(C) માત્ર ધંધાકીય આવક
(D) આવકના કોઇપણ શીર્ષક

8. જ્યાં પતિ અને પત્ની બંનેનું કોઈ કંપનીમાં નોંધપાત્ર હિત હોય અને બંનેને આવી કંપનીમાંથી મહેનતાણું મળતું હોય, તો બંનેનું મહેનતાણું ______માટે કરપાત્ર હશે

(A) પતિ અથવા પત્ની જેમની કુલ આવક, આવા મહેનતાણું સિવાય, વધારે હોય તેના
(B) પતિ અથવા પત્ની જેમની કુલ આવક, આવા મહેનતાણા સહિત, વધારે હોય તેના
(C) પતિ અથવા પત્ની જેમનું મહેનતાણું વધારે હોય તેના
(D) હંમેશા પતિ

**(B) ખાલી જગ્યા પૂરોઃ** **7**

9. જો કોઈ વ્યવસાય કરનાર વ્યક્તિ _______ થી વધુની કુલ રસીદો મેળવે છે, તો તેણે આવકવેરા ઓડિટકરાવવાની જરૂર રહેશે.

10. શ્રી રમણિકે 1લી ઑક્ટોબર 2022ના રોજ ₹ 25,000નું ફર્નિચર ખરીદ્યું. ઘસારાનો લાગુ દર 10% છે. આવકવેરા હેતુસર પાછલા વર્ષ 2022-23 માટે માન્ય ઘસારો _______થશે.

11. જો પાછલા વર્ષમાં બે મિત્રો પાસેથી ₹ 60,000 (દરેક પાસેથી ₹ 30,000)ની રોકડ ભેટ મળે, તો ભેટની કરપાત્ર રકમ ________ છે.

12. રેસના ઘોડાઓમાંથી જીતની આવક _________ના દરે કરપાત્ર છે.

13. જો પગારની આવક, મકાન મિલકતનુ નુકસાન અને ધંધાકીય નુકસાન અનુક્રમે ₹ 6,00,000 ; - ₹ 1,00,000 અને - ₹ 2,00,000 હોય તો, કુલ કરપાત્ર આવક________ છે

14. ટૂંકા ગાળાના મૂડી નુકશાનને________ વર્ષ સુધી આગળ ખેંચી શકાય છે.

15. શ્રી ગૌતમ કુમારી ગુનગુનની સાથે લગ્ન કરતા પહેલા તેણીને અવેજ વિના ડિબેન્ચર્સ ફેરબદલ કરે છે. તેણી સાથે લગ્ન કર્યા પછી ડિબેન્ચરનું વ્યાજ _________ના હાથમાં કરપાત્ર થશે.

**Q.2 ટૂંકમાં જવાબ આપો: (ગમે તે ચાર)** **8**

1. શ્રી જયેશ દ્વારા મકાનનું ભાડું ₹ 40,000 ચૂકવવામાં આવે છે જેમાંથી 30% રહેઠાણના મકાન માટે છે, 20% ભાડે આપેલ ઘર માટે છે અને બાકીનું ફેક્ટરીના મકાન માટે છે. ધંધાકીય આવકમાંથી કેટલો ખર્ચ મજરે મળે?

2. 1.4.2022ના રોજ યંત્રની શરૂની બાકી ₹ 1, 50,000 છે. વર્ષ દરમિયાન ₹ 30,000 ની કિંમતનું યંત્ર 1.2.2023ના રોજ ખરીદવામાં આવ્યું હતું અને એક જૂનું યંત્ર 2.2.2023ના રોજ ₹ 50,000 માં વેચવામાં આવ્યું હતું. ઘસારાનો માન્ય દર 20% છે. આકારણી વર્ષ 2023-24 માટે મજરે મળવાપાત્ર ઘસારો શોધો.

3. 1.5.2022ના રોજ, ક્રિષ્નાએ મથુરા લિ.ના ₹ 80,000ના મૂલ્યના 12% કરમુક્ત ડિબેન્ચર્સ ખરીદ્યા અને 30.11.2022ના રોજ તેમાંથી 50% ડિબેન્ચર્સ 20%ના નફાથી વેચી દીધા. જો કંપની 30 જૂન અને 31 ડિસેમ્બરના રોજ અર્ધવાર્ષિક વ્યાજ ચૂકવતી હોય, તો પાછલા વર્ષ 2022-23 દરમિયાન કરપાત્ર વ્યાજની ગણતરી કરો. (ટીડીએસનો લાગુ દર 20% છે.)

4. ચિત્રાંગને પેટા ભાડુત પાસેથી દર મહિને ₹ 9,000 ભાડા તરીકે મળ્યા. તેણે ઘરના માલિકને ઘર ભાડા તરીકે વાર્ષિક ₹ 48,000 ચૂકવ્યા હોય તો કરપાત્ર ભાડાની આવકની ગણતરી કરો.

5. રેસના ઘોડા રાખવા અને જાળવવાથી નુકસાન કેવી રીતે માંડી વાળવું તે ટૂંકમાં સમજાવો.

6. નુકસાન આગળ ખેંચવું એટલે શું? વ્યક્તિ મકાન મિલકતમાંથી નુકસાનને કેટલી મુદત માટે આગળ ખેંચી શકે છે?

7. સમજાવો: પત્નીની આવકનું કલબિંગ (સમાવેશે)

8. સમજાવો: સગીર બાળકની આવકના ક્લબિંગના કિસ્સામાં માતાપિતાને મુક્તિ માટેની જોગવાઈ

**Q.3** 31-3-23 ના રોજ પૂરા થતા વર્ષ માટે અરુણ નું નફા નુકસાન ખાતું: **13**

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---:|---|---:|
| વીમો | 10,000 | કાચો નફો | 1,75,000 |
| લોન પર વ્યાજ | 15,000 | પરચુરણ આવક | 8,000 |
| મૂડી પર વ્યાજ | 12,000 | સરકારી જામીનગીરી પર વ્યાજ | 5,000 |
| પગાર | 30,000 | | |
| ભાડું-વેરા | 10,000 | | |
| મોટર જાળવણી ખર્ચ | 9,000 | | |
| કાનૂની ખર્ચ | 2,000 | | |
| મુસાફરી ખર્ચ | 50,000 | | |
| ચોખ્ખો નફો | 50,000 | | |
| | 1,88,000 | | 1,88,000 |

વધારાની માહિતી

1. જીવન વીમાના ₹ 2,000 વીમાની ઉપરની રકમમાં સામેલ છે.

2. 1-4-22ના રોજ મોટરની ચોપડા કિંમત ₹ 75,000 હતી. ઘસારાનો નિર્ધારિત દર 20% છે. મોટરનો 1/3 ઉપયોગ વ્યક્તિગત હેતુ માટે ધ્યાનમાં લેવાનો છે.

3. ₹ 7,000 નો જાહેરાત ખર્ચ નોંધવાનો બાકી રહી ગયેલ છે.

4. 1-1-23 ના રોજ ₹ 3, 44,000 ની મશીનરી ખરીદવામાં આવી હતી, જેના માટે ₹ 6,000 પરિવહન ખર્ચ તરીકે ચૂકવવામાં આવ્યા હતા (જે ₹50,000 ના મુસાફરી ખર્ચમાં સમાયેલ છે). મશીનરી પર ઘસારાનો માન્ય દર 20% છે.

5. પાછલા વર્ષ 2022-23 માટે આકારણી અધિકારી દ્વારા ઘાલખાધ તરીકે ₹ 4,889ની મંજૂરી આપેલ છે, જે ઉપરોક્ત નફા નુકશાન ખાતામાં નોંધાયેલ નથી. આકારણી વર્ષ 2023-24 માટે ધંધાની કરપાત્ર આવક શોધો.

**અથવા**

(A) નીચે આપેલ, ડો. આશિષના 31-3-2023 ના રોજ પૂરા થયેલા વર્ષ ના આવક જાવક ખાતા પરથી તેમના વ્યવસાયની કરપાત્ર આવકની ગણતરી કરો. **8**

**આવક જાવક ખાતું**

| આવક | Rs. | જાવક | Rs. |
|---|---:|---|---:|
| શરૂની બાકી | 70,000 | હોસ્પિટલનું ભાડું | 3,60,000 |
| મુલાકાત ફી | 2,00,000 | સ્ટાફ પગાર | 2,20,000 |
| કન્સલ્ટેશન ફી | 5,20,000 | મ્યુનિસિપલ ટેક્સ | 20,000 |
| દવાનું વેચાણ | 1,90,000 | મુસાફરી ખર્ચ | 10,000 |
| ઓપરેશન થિયેટર ભાડું | 1,50,000 | દવાની ખરીદી | 3,20,000 |
| મેડિકલ કોલેજમાંથી પગાર | 50,000 | છેવટની બાકી | 2,28,000 |
| દર્દીઓ પાસેથી મળેલ ભેટ | 30,000 | | |
| | 12,10,000 | | 12,10,000 |

વધારાની માહિતી: ધ્વાનો શરૂનો સ્ટોક અને છેવટનો સ્ટોક અનુક્રમે ₹ 40,000 અને ₹ 2,40,000 હતો.

(B) કુ. મિતાલીની નીચે આપેલ વિગતોમાંથી આકારણી વર્ષ 2023-24 માટે અન્ય સાધનોની કરપાત્ર આવક શોધો. **5**

(1) 7% કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ બોન્ડ પર ₹ 45,000નું વ્યાજ.
(2) દીપિકા લિમિટેડના 7.5% ડિબેન્ચર્સ પર વ્યાજ ₹ 27,000.(TDS: 10%)
(3) લોટરીમાંથી જીતેલ રકમ (ચોખ્ખી) ₹ 7,00,000 (TDS : 30%)
(4) 8% રાધિકા લિમિટેડના ₹ 7, 00,000 ના કરમુક્ત ડિબેન્ચર્સ (TDS: 20%)

**Q.4 (A) શ્રી પંડ્યાની નીચેની વિગતો પરથી આકારણી વર્ષ 2023-24 માટે અન્ય સાધનોની કરપાત્ર આવક શોધો.** **8**

(1) 1લી જુલાઈ 2023 થી; તેમને ફેમિલી પેન્શન તરીકે દર મહિને ₹ 3,535 મળ્યા.
(2) તેમને અમાન્ય પ્રોવિડન્ટ ફંડમાંથી વ્યાજ સહિત કુલ રકમ તરીકે ₹ 2,60,000 મળ્યા; જેમાં માલિક અને કર્મચારીનો હિસ્સો 4:1 જેટલો હતો. માલિકનું યોગદાન ₹ 1,72,000 હતું.
(3) તેને તેની માતાના પિતાના નાના ભાઈ તરફથી ₹ 97,171 ની ભેટ તરીકે કલાનું કામ મળ્યું.
(4) લોટરીની જીત (ચોખ્ખા) ₹ 67,200.
(5) મોટર-રેસમાં જીત ₹ 1,09,952

**અથવા**

**(A) કુ. રિયાની નીચેની વિગતોમાંથી, આકારણી વર્ષ 2023-24 માટે કુલ કરપાત્ર આવક શોધો.** **8**

(1) કરપાત્ર પગાર ₹ 5,00,000
(2) બિન-સટ્ટાકીય ધંધાનો નફો ₹ 6,00,000
(3) સટ્ટાકીય ધંધાનું નુકસાન ₹ 3,00,000
(4) અન્ય સટ્ટાકીય ધંધાનો ફાયદો ₹ 2,00,000
(5) મકાન મિલકતનું નુકસાન ₹ 1,8,0000.
(6) બિન-સટ્ટાકીય ધંધા નું (પાછલા વર્ષ 2020-21નું) આગળ ખેંચેલ નુકશાન ₹ 80,000

**(B) ટૂંક નોંધો: (કોઈ પણ બે)** **6**

(1) ભેટોની કરપાત્રતા

(2) સટ્ટાકીય અને બિન-સટ્ટાકીય ધંધાકીય નુકસાન માંડી વાળવું અને આગળ ખેંચી જવું

(3) સગીરની આવકનો સમાવેશ

(4) કલમ 44AA હેઠળ હિસાબના ચોપડાઓની જાળવણી

*****END*****